# પ્રાંતિજમાં ખુલ્લેઆમ દેશી-વિદેશી દારૂનું ધૂમ વેચાણ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠાના પ્રાંતિજમાં દેશી વિદેશી દારૂનો ધીકતો ધંધો ધમધમે છે. જાહેરમાં વેચાતા દારૂને જાહેરમાં જ ઢીંચીને ગમે તેમ બોલતા દારૂડીયા તરફ તેમજ તંત્ર તરફ લોકો લાલઘુમ બની પોલીસ વિભાગમાં ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરવા જણાવી રહ્યા છે. પ્રાંતિજ નગરના રેલવે સ્ટેશન વિસ્તાર, ભાખરીયા બસ સ્ટેન્ડ વિસ્તારમાં અનેક શૈક્ષણિક સંકુલો તેમજ બજાર આવેલા છે. જયાં નજીકમાં દારુની થેલીઓ શાકભાજીની જેમ વેચાય છે. ત્યાં પીનારાઓની લાંબી કતારો લાગી છે. શૈક્ષણિક સંસ્થાઓની નજીક તેમજ બજારના બીલકુલ પાસે ધમધોકાર ચાલતા આ દારૂના અડ્ડાઓને કોણ બંધ કરાવશે તે ચિંતા નાગરિકોને સતાવે છે. હાલ પ્રાંતિજમાં કાટવાડ પાટીયા પાસે કેનાલ નજીક ધમધમતો અડ્ડો ચર્ચાસ્પદ બન્યો છે. અને મહિલાઓ આ તમામ અડ્ડાઓ બંધ કરવા મથી રહી છે. પોલીસ દારૂ બંદી તથા મહિલા સલામતીની ગુલાબંગો ઠોકે છે ત્યારે પ્રાંતિજ હાઈ-વે પરની પોલીસ ચોકીની પાસેનો દારૂનો અડ્ડો ચેલેન્જરૂપ સાબિત થઈ રહ્યો છે. પ્રાંતિજ શહેર તેમજ તાલુકામાં વેચાતો હજારો લિટર દેશી વિદેશી દારૂ લોકોના પેટમાં જાય છે અને લોકો પૈસા આપીને મોતની ખરીદી કરી રહ્યા છે. પણ જેમના હાથમાં સત્તાની દોર છે તેવા ઉપરથી નીચે સુધીના અધિકારીઓનાં આંખે માત્ર હપ્તાના પાટાથી ઢંકાઈ જતા દેશી વિદેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે ત્યારે નાગરિકો તંત્ર સામે રોષે ભરાયા છે. અને આ દારુની બદીને સત્વરે દુર કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# વડાગામમાં કવોરી યુનિટોથી ફેલાતી હાનિકારક ડસ્ટને લીધે પ્રજા પરેશાન

## વડાગામના કવોરી યુનિટોને લીધે દરરોજ મોટા પ્રમાણમાં ડસ્ટ ઉડતા લોકોના આરોગ્ય અને ખેતીના પાકને મોટું નુકશાન : પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના અધિકારીઓ મુક પ્રેક્ષક બની તમાશો જોઈ રહ્યા છે

વડાગામ, તા.૧૪

ધનસુરા નજીક સ્થિત વડાગામમાં અંદાજે ૧૦૦થી વધારે કવોરી યુનિટો ધમધમી રહ્યા છે. જેમાં દરરોજ લાખો ટન કપચી, ગ્રીટ મેટલનું ઉત્પાદન થાય છે. પરિણામે કવોરી ઉદ્યોગને લીધે ઉડતી ડસ્ટ અને રજકણ આસપાસ મોટા પ્રમાણમાં ફેલાઈ રહી છે આથી લોકોના આરોગ્ય માટે નુકસાન કરે છે. કવોરી ઉદ્યોગમાંથી ઉડતી ડસ્ટની મુશ્કેલીને લઈ રહીશોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે અને તંત્ર આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી કવોરી યુનિટો સામે પોલ્યુશન અને કન્ટ્રોલ બોર્ડ કડક પગલા ભરે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા નજીક આવેલ વડાગામ કવોરી ઉદ્યોગ માટેનું મહત્વનું સેન્ટર માનવામાં આવે છે. જયાં અંદાજે ૧૦૦થી વધારે કવોરી યુનિટો ધમધમે છે. આ કવોરી યુનિટોમાં દરરોજ લાખો ટન કપચી ગ્રીટ અને મેટલ વગેરેનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. જેના લીધે દરરોજ મોટા પ્રમાણમાં કવોરી યુનિટ મારફતે સ્વાસ્થ્યને હાનિકારક ડસ્ટ (રજકણ) ઉડી નાગરિકો રહીશોના મકાનમાં જાય છે અને નાગરિકોના આરોગ્યને ગંભીર નુકશાન પહોંચાડી રહ્યા છે.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

જેથી રહીશો શ્વાસ અને હૃદય અંગેની ગંભીર બિમારીનો ભોગ બની રહ્યા છે. બીજી બાજુ આ કવોરીની ડસ્ટને લીધે ખેતરમાં ઉભા પાકને પણ નુકશાન થઈ રહ્યું છે. ખેડૂતોના પાક નિષ્ફળ જતા ખેડૂતો ચિંતાતુર બન્યા છે. કવોરી ઉદ્યોગકારો કોઈ પણ પ્રકારના પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના અધિકારીઓની મિલીભગતના લીધે કોઈ પણ લાયસન્સ લેતા નથી અને બિન્દાસપણે કવોરી ઉદ્યોગ ચલાવી રહ્યા છે. જયારે પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના અધિકારીઓ આ સમગ્ર મામલે આંખ આડા કાન કરી નાગરિકોના જીવ જોખમમાં નાંખી રહ્યા છે.થોડાક રૂપિયાની લાલચમાં પોતાનું ઈમાન અને નિર્દોષ નાગરિકોની જીંદગી વેચી દેનાર અધિકારીઓ અને તેમની છત્રછાયામાં કવોરી યુનિટો ચલાવતા ઉદ્યોગકારો સામે ઉચ્ચ કક્ષાએથી કડક કાર્યવાહી થાય તેવી માંગ સ્થાનિક રહીશો કરી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લાના ખાણ ખનીજ વિભાગના ભૂસ્તરશાસ્ત્રીએ એમ.કે. સ્ટોનને ફટકારેલો દંડ પોતે જ ફટકાર્યો અને જાતે જ ખોટો ઠેરવતા વિવાદ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના ખાણ-ખનીજ વિભાગ દ્વારા અરવલ્લી જિલ્મા ંથતી મોટે પાયે ખનીજની ચોરી રોકવામાં નિષ્ફળ ગઈ હોય અથવા પછી મીલીભગત જે ગણો તે પણ ભૂમાફિયાઓ દ્વારા મોટા પાયે ખનીજનું વહન કરી સરકારી તીજોરીને કરોડો રૂપિયાનું નુકશાન કરાવી રહ્યા હોવા છતાં અરવલ્લી જિલ્લા તંત્ર બેદરકાર અરવલ્લી જિલ્લા ખાણ ખની દ્વારા અઠવાડિયા કે પંદર દિવસમાં અમુક ખનીજ ચોરતી ટ્રકો અને જેસીબી મશીનો જપ્ત કરી સંતોષ વ્યક્ત કરે છે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામમાં આવેલી એમ.કે. સ્ટોન દ્વારા ગેરકાયદેસર ખનીજ ચોરી થવાની બૂમ ઉઠતાં અધિક નિયામક (અપીલ અને ફલાઈંગ સ્કવોર્ડ)ની કચેરી ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગ ગાંધીનગરના કર્મચારીઓ અને ફલાઈંગ સ્કોર્ડના સભ્યોએ છાપો મારી મોટે પાયે તપાસ હાથ ધરતા એમ.કે. સ્ટોનની માપણી કરતા ગેરકાયદેસર ખોદકામ વડે મોટા પ્રમાણમાં ખનીજ ચોરી થતી હોવાનું બહાર આવતાં સમગ્ર તપાસ દરમ્યાન મળી આવેલી ગેરરીતીનો અહેવાલ અરવલ્લી જિલ્લા ભૂસ્તર શાસ્ત્રીને સોંપ્યો હતો. જેના કારણે અરવલ્લી જિલ્લાના ભૂસ્તર શાસ્ત્રીએ ગેરકાયદેસર કરવામાં આવેલ ખોદકામ અને જંગમ પ્રમાણમાં



(તસવીર : જય અમીન, મોડાસા)

થયેલી ચોરીના કારણે ૭૯૩ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જેના કારણે સમગ્ર ગુજરાત રાજ્યમાં આ ઘટનાએ હલચલ મચાવી દિધી હતી.

પરંતુ અચાનક જ અરવલ્લી જિલ્લાના ભૂસ્તરશાસ્ત્રી ગુજરાત સરકારની આંખોમાં ધુળ નાખવા માટે કે પછી આ દંડની રકમ બાબતે પોતે ખોટા હોવાના અને દંડની ફટકારેલ રકમ ખોટી હોવાની ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી. સરકારના જે તે વિભાગને ગેરકાયદેસર ખોદકામ ગણાવી દંડ ફટાકવા ભલામણ કરી હતી. એન.કે. સ્ટોનને દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. પરંતુ પાછળથી તંત્રની ભૂલ હોવાનું જણાવી દંડ લેવાનુ પણ માંડી વાળતાં પ્રજાજનો અચંબામાં પડી ગયા હતા અને લોક મુખે એવી ચર્ચાએ જોર પકડ્યું હતું કે એવા કયા પરીબળે ભાગ ભજવ્યો કે સરકારી અધિકારીએ પોતેજ ફટકારેલ દંડ ખોટો હોવાની રજુઆત કરી કે પછી બીજુ કંઈ ?



પ્રાંતિજ હાઈ-વે પાસેના નવનિર્મિત તમામ સુવિધાયુક્ત સામુહિક આરોગ્ય કેન્દ્રનું મંત્રી નીતિન પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજમાં ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ મારફતે રૂ. ૩.૧૩ કરોડના ખર્ચે સામુહિક આરોગ્ય કેન્દ્રને તૈયાર કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્યને લગતા વિવિધ સાધનો અને એસ. એમ્બ્યુલન્સનું પણ લોકાર્પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, બી.ડી. ઝાલા, જયેન્દ્રસિંહ રાઠોડ, આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સી ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી નીતિન પટેલે હોસ્પિટલમાં સ્વચ્છતા જળવાય તથા નગર તેમજ સમગ્ર જિલ્લા તાલુકાના વિસ્તારો સ્વચ્છતા રાખી સરકારના સ્વચ્છ ગુજરાત સ્વસ્થ ગુજરાતના મહાયજ્ઞને સફળ બનાવવા આહ્‌વાન કરવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# નવા વર્ષના પ્રારંભે જાન્યુઆરી મહિનો સરકારી કાર્યક્રમો ઉત્સવોથી ધમધમશે

ગાંધીનગર, તા. ૧૪

આગામી નવા વર્ષ-૨૦૧૫નો ૧લી જાન્યુારીથી પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે નવા વર્ષનો પહેલો મહિનો જાન્યુઆરી સરકારી કાર્યક્રમો અને ઉત્સવથી ભરચક રહેશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવા વર્ષના પ્રથમ જાન્યુઆરી મહિનાની ૯મીથી બે દિવસ માટે ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે પ્રવાસી ભારતીય દિવસનો કાર્યક્રમ યોજાનાર છે. કાર્યક્રમમાં દેશના વિવિધ રાજ્યોમાંથી અને વિદેશોમાં વસતા ભારતીયો ભાગ લેનાર છે.

આ ઉપરાંત આગામી ૧૧મી જાન્યુઆરીથી ત્રણ દિવસ માટે ગુજરાત ગ્લોબલ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ યોજાનાર છે. આ સમિટમાં વિશ્વભરમાંથી રોકાણકારો, ઉદ્યોગકારો અને વિવિધ દેશોના રાજદૂતો આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન સમારંભમાં ભાગ લેનાર છે. જેના કારણે પાટનગર વિદેશી મહેમાનોથી છલકાશે. આ સમિટમાં રાજ્યનું સમગ્ર વહીવટી તંત્ર કામગીરીમાં વ્યસ્ત બનશે.

આ ઉપરાંત જાન્યુઆરીના અંતમાં બરોડા ખાતે વેડફેસ્ટોનો કાર્યક્રમ પાંચ દિવસ માટે યોજાનાર છે. આ કાર્યક્રમમાં દેશના નામાંકિત કલાકારો અને સંગીતકારો પોતાના કાર્યક્રમો રજુ કરનાર છે.

આમ જાન્યુઆરી આખો મહિનો સરકારી કાર્યક્રમો અને ઉત્સવોથી ધમધમશે એની સાથે રાજ્ય સરકારના મંત્રીઓ અધિકારીઓ આ કાર્યક્રમોમાં સતત વ્યસ્ત રહેશે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રવિ કૃષિ મહોત્સવની ઉજવણી -સંગે બનાસકાંઠા જિલ્લાના ડીસા માર્કેટયાર્ડ ખાતે કૃષિ મહોત્સવ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા વિજ્ઞાન અને ૌધોગિકી વિભાગના રાજય મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં ખેતીવાડી અને પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓના ૯૨૦ લાભાર્થી ખેડુતોને રૂ.૫.૮૮ કરોડની સહાયના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. છેલ્લા દસ વર્ષથી કૃષિક્ષેત્રે ક્રાંતિ લાવવા રાજય સરકાર ધ્વારા અભિયાન સ્વરૂપ કામગીરી કરવામાં આવી રહી છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ે-રણા અને માર્ગદર્શનથી શરૂ થયેલ કૃષિ મહોત્સવને જવલંત સફળતા મળી છે. કૃષિ મહોત્સવ અભિયાનને લીધે છેલ્લા એક દાયકામાં ગુજરાતની કૃષિ આવકમાં નોંધપાત્ર વધારો થયો છે જે ખેડુતોની મહેનત અને વૈજ્ઞાનિકોના સંશોધનોને આભારી છે. કૃષિ મહોત્સવમાંથી માહિતી અને માર્ગદર્શન મેળવી ખેડુતો આધુનિક ખેતી તરફ વળ્યા છે અને મબલખ ખેત ઉત્પાદન કરતા થયા છે. -ગતિશીલ ખેડુતોના જીવનમાંથી ે-રણા લઈ વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરીએ. આયોજન, આધુનિક ખેત પધ્ધતિઓ અને બજાર વ્યવસ્થાને ધ્યાનમાં રાખી ખેતી કરીએ તો બહુ સારી આવક મેળવી શકાય છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

# જોરદાર આતંક મચાવનાર શૈલેષ અંતે ઝડપાઈ ગયો

અમદાવાદ, તા. ૧૪

સમગ્ર ભાવનગર પંથકમાં અપહરણ, ખંડણી, લૂંટ વીથ મર્ડર, ધાડ, આંગડિયા લૂંટ જેવા ગંભીર ગુનાઓ આચરનાર અને પોલીસ પર ફાયરિંગ કરનાર શખ્સ શૈલેષ ધાંધલ્યા અને તેની ટોળકીના શખ્સોને અમદાવાદ ખાતે શિવરંજની વિસ્તારમાં પકડી પાડવામાં આવતા મોટી ઘટના ટળી ગઈ છે. શિવરંજની વિસ્તારમાં દિનદહાડે ધાડ પાડી લુટફાટ કરવાની પૂર્વ તૈયારીરુપે લોડેડ ફાયર આર્મ્સ તથા ઘાતક હથિયારો સાથે ગેંગના પાંચ આરોપીઓને પકડી પાડવામાં સફળતા મળી છે. અમદાવાદ શહેરમાં બાતમી મળ્યા બાદ જાળ બિછાવવામાં આવી છે. ત્યારબાદ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ટીમ ગોઠવાઈ ગઈ હતી. ચોક્કસ બાતમી બાદ કુખ્યાત ધાડપાડુ ધાંધલ્યાને ટોળકીના પાંચ સભ્યો સાથે પકડી પાડવામાં આવ્યા હતા. રામભાઈ નામની વ્યક્તિ ઉપર ફાયર આર્મ્સથી જીવલેણ હુમલો પણ ધાંધલ્યા દ્વારા કરાયો હતો. ઉપરાંત ભાવનગરમાં વલ્લભ પટેલના અપહરણના ગુનાઓ પણ તે કરી ચુક્યો છે. ઝડપાયેલા તમામ શખ્સોની ઓળખ કરીને ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. ઉપરોક્ત આરોપીઓ પૈકી શૈલેષ ધાંધલ્યા સાબરમતી જેલમાં હતો તે દરમિયાન પેરોલ પર છુટીને સમયસર જેલમાં હાજર થયો ન હતો અને પેરોલ જંપ કરીને નાસી છુટ્યો હતો.